# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
## ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.



એચ-31 થી 34 અને એચ-53, ઇ.એસ.આઇ. હોસ્પિટલ સામે, જીઆઇડીસી એસ્ટેટ, ઓઢવ,
અમદાવાદ-382415. ફોન નં. :079-22871202, મો નં. : 9409367407.



**ઓઢવ બુલેટીન**

પરીપત્ર નં.: 05/2023-24
તારીખ : 01/12/2023

**BY THE MEMBER - OF THE MEMBER - FOR THE MEMBER**



**પ્રમુખ**
શ્રી મુકેશ વેકરીયા
22892302

**સી. ઉપપ્રમુખ**
શ્રી પરેશ પટેલ
22974559

**ઉપપ્રમુખ**
શ્રી દિવ્યેશ લાડવા
22870002

**માનદમંત્રી**
શ્રી રાજેશ પટેલ
22890011

**ખજાનચી**
શ્રી કિરણ પટેલ
9825067399

**સહ માનદમંત્રી**
શ્રી પ્રેરક પટેલ
22970874

**સહ માનદમંત્રી**
શ્રી દર્શન મહેતા
22871924

**સહ ખજાનચી**
શ્રી ધર્મેન્દ્ર પંચાલ
9376198218





**सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभाग भवते ॥**

**પ્રમુખ સ્થાને થી....**

પ્રિય ઉદ્યોગકાર મિત્રો,

આપ સૌને TEAM OIA વતી હૃદયથી નૂતન વર્ષાભિનંદન પાઠવું છું !!!!

ગુજરાત સરકાર દ્વારા આગામી 10-12 જાન્યુઆરી, 2024 દરમ્યાન Vibrant Gujarat નું આયોજન થઈ રહ્યું છે. હું આશા રાખું છુ કે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝમાંથી આપ સૌ મિત્રો પણ એમાં MOU કરી ખૂબ પ્રગતિ કરો તેવી શુભેચ્છા પાઠવું છું.

મિત્રો, સરકારશ્રી દ્વારા નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી ઘણી સ્કીમો લાગુ કરવામાં આવી રહી છે. આ સ્કીમો આપણાં દરેક ઉદ્યોગકારો સુધી પહોચે તે માટે અમો સતત પ્રયત્નશીલ છીએ. આપણે દર મહિને સરકારશ્રીની સ્કીમો, ટ્રેનિંગ પ્રોગ્રામ, વ્યક્તિત્વ વિકાસ જેવા અનેક મુદ્દાઓ આધારિત કાર્યક્રમના આયોજન કરી રહ્યા છીએ. ગત મહિને "Nidhi Aapke Nikat 2.0" કાર્યક્રમ અંતર્ગત આપણાં ઉદ્યોગકાર મિત્રોને માહિતી આપવામાં આવી. આપણે ઉદ્યોગકાર મિત્રો અને કર્મચારીઓના આર્થિક અને વ્યક્તિત્વ વિકાસ માટે આખા વર્ષ દરમ્યાન જે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે તેની માહિતી આ સાથે આપેલ છે જેનો લાભ દરેકને લેવા અનુરોધ કરુ છું.

આપણા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારની કાયા કલ્પ કરવાના ભાગરૂપે આપણે દરેક રોડના ઉદ્યોગકારો સાથે રોડ વાઈઝ મિટિંગ મિટિંગનું આયોજન કર્યું છે જેની પહેલી મિટિંગ રોડ નંબર 52 ના મિત્રો સાથે કરવામાં આવી. આગામી સમયમાં દરેક રોડના સભ્યો સાથે આવી મિટિંગનું આયોજન કરવામાં આવશે જેની આપને જાણ કરવામાં આવશે જેમાં આપના સૂચનો સાથે ભાગ લેવા હું આપને વિનંતી કરું છુ.

આગામી નૂતન વર્ષ સંવત 2080 આપ સૌ માટે સમૃધ્ધિના દ્વાર ખોલે એવી આશા વ્યક્ત કરું છું.

મુકેશ વેકરીયા (પ્રમુખશ્રી)
ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
# ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

ઓઢવ બુલેટીન


## "નિધિ આપકે નિકટ 2.0" કાર્યક્રમ

**EPFO નરોડાના સહયોગથી ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ધ્વારા તા.27/10/2023 ને શુક્રવારના રોજ સવારે 10:00 કલાકે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન નવા હોલ ખાતે "નિધિ આપકે નિકટ 2.0" અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.** જેમાં એસોસીએશન પ્રમુખશ્રી અને માનદમંત્રીશ્રી સાથે હોદ્દેદારોશ્રીઓ પણ હાજર રહ્યા હતા. EPFO નરોડા ઓફિસમાંથી આવેલ અધિકારશ્રીઓમાં શ્રી. લીના અનીલકુમાર (એન્ફોર્સમેન્ટ ઓફિસર), શ્રી. રાકેશભાઈ શાહ (સેક્શન સુપરવાઈઝર) સાથે શ્રી. લક્ષ્મણ કુમાર (સીની. એસ.એસ.એ.) એ હાજર રહી સેમિનારમાં PF અંગે મહત્વની માહિતીઓ સમજાવી હતી. સાથે હાજર રહેલ સભ્યોના વિવિધ પ્રશ્નોના નિવારણ અંગે ચર્ચા કરવામાં આવી. સાથે **તમામ એકમો PFનો લાભ લે તેવી રજૂઆત પણ કરવામાં આવી.** આ કાર્યક્રમમાં ઓઢવના ઉદ્યોગકારો હાજર રહી કાર્યક્રમની સફળ બનાવ્યો હતો.








## "સ્વૈછિક રક્તદાન શિબિર" કાર્યક્રમ

**સદગુરુ સદાફલ દેવ આશ્રમ, નિકોલના સહયોગથી ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ધ્વારા તા.29/10/2023 ને રવિવારના રોજ સવારે 08:30 થી બપોરે 03:00 કલાક સુધી ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન જુના હોલ ખાતે "સ્વૈછિક રક્તદાન શિબિર" નું આયોજન કરવામાં આવ્યું.** જેમાં મોટાભાગના ઉદ્યોગકારોએ ભાગ લીધો અને **કુલ મળીને 50 જેટલા યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું.** આ સેવાકીય કાર્યને સફળ બનાવવા સાથે રક્તદાન કરવા બદલ ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તમામનો ખુબ આભાર માને છે.

**આગળ પણ આવી રીતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું જ રહેશે.**








**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## રોડ નંબર 52 ઉપરના એકમો સાથે મીટીંગ

**તા.06/11/2023 ને સોમવારના રોજ બપોરે 03:00 કલાકે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફીસ ખાતે રોડ નંબર 52 ઉપર આવેલ તમામ એકમોના ઉદ્યોગકારો સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવું.** જેમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

- ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સર્વિસ અને બ્યુટીફિકેશન અંગે સૂચનો.
- કોઈપણ સરકારી તંત્રના નિયમો/કાયદાઓ અંગેની મુશ્કેલી હોય તો ચર્ચા.
- વેલફેર અને મોટિવેશનલ પ્રવૃત્તિઓ અંગેની ચર્ચા.
- આપના રોડ પર નવી મેમ્બરશીપ બનાવવા અંગેની ચર્ચા.
- આ ઉપરાંત અન્ય કોઈ પણ યોગ્ય મુદ્દાઓ પર ચર્ચા.
- દરેક સભ્યો એકબીજાથી પરિચિત થાય અને એકબીજાના ધંધાની માહિતી મળે જેથી આપણે શક્ય હોય તો જીઆઇડીસીમાં એકબીજાને ધંધો આપી શકીએ તે અંગે વિચારણા.
- ભવિષ્યમાં આ માટે આપણી ઓફિસ ખાતે નાનું એક્ઝીબીશન પણ ગોઠવવા અંગેની ચર્ચા.

**આવીજ રીતે હવે સમય અનુકુળતાએ તમામ રોડના એકમો સાથે મીટીંગ કરવામાં આવશે અને જે તે રોડ ઉપરની સમસ્યાઓ અને સૂચનો વિષે વિગતવાર ચર્ચા કરી તેના અમલીકરણ માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.**

## બાકી મેમ્બરશીપ ફી અંગે

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં દરેક સભ્યમિત્રોને જણાવવાનું કે, વર્ષ 2023-2024ના એસોસીએશન મેમ્બરશીપ ફી ના તા.01/04/2023 ના રોજ Proforma Invoice (18% GST સાથે) આપશ્રીને મોકલી આપવામાં આવેલ છે.

**મેમ્બરશીપ ફી ભરવાની અંતિમ તારીખ તા.30/09/2023 સુધીની જ હતી.** જે એકમોની મેમ્બરશીપ ફી ભરવાની બાકી હોય તેઓએ નીચે મુજબની જે તે વર્ષ પ્રમાણે લેટ ફી સાથે મેમ્બરશીપ ફી ભરવાની રહેશે.

(1) શેડની સાઈઝ પ્રમાણે 1000 ચો.મી. થી ઓછા શેડ ઉપર રૂ. 100/- +18 % GST સાથે રૂ. 118/-.

(2) શેડની સાઈઝ પ્રમાણે 1000 ચો.મી. થી વધારે શેડ ઉપર રૂ. 150/- +18 % GST સાથે રૂ. 177/-.

ઉપરાંત હવે **મેમ્બરશીપ ફી, લેટ ફી સાથે તા.31/12/2023 સુધીમાં ભરવામાં નહી આવે તો આપનું સભ્યપદ રદ થવાને પાત્ર રહેશે** તથા ત્યારબાદ ફરીથી નવી મેમ્બરશીપ લેવી પડશે. જેની ખાસ નોંધ લેશો.

જે સભ્યમિત્ર એકમોનું GST Certificare ની નકલ એસોસીએશન ઓફિસે આપવાનું કે અપડેટ કરવાનું બાકી હોય તેઓએ તાત્કાલિક મોકલી આપવા વિનંતી. જેથીની અમો આપને વર્ષ 2023-2024 નું GST સાથેનું મેમ્બરશીપ ફીનું બીલ મોકલી શકીએ.

**(ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, GSTN : 24AAAAO0061E2Z8)**

## સર્વિસ રીક્વેસ્ટ અંગે (ફરિયાદ અંગે)

ઓઢવ ઔધોગિક વિસ્તામાં પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, કચરો, સાફ-સફાઈ, રોડ-રસ્તા વગેરે બાબતોને લગતી સર્વિસ રીક્વેસ્ટ (ફરિયાદ) હોય તો આપે નીચે આપેલ નંબર અથવા ઈ-મેઈલ ઉપર આપની કંપનીનું નામ, પ્લોટ નંબર, રોડ નંબર, ફરિયાદની વિગત અને જગ્યા, વ્યક્તિનું નામ, મોબાઈલ નંબર સાથે જે તે ફરિયાદનો ફોટો આપી સર્વિસ રીક્વેસ્ટ નોંધાવી નંબર લેવા વિનંતી. જેથી આપને સર્વિસ આપવામાં સરળતા રહે.

**મોબાઈલ નંબર : 9409367407 અને ફોન નંબર : 079-22871202**

**ઈ-મેઈલ આઈડી : odhaveidl@gmail.com અને oia_odhav@yahoo.com**

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## એસોસીએશનનાં સભ્યો અને સહયોગીઓ માટે તાલીમ સાથે સેમીનાર

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ઉદ્યોગકાર મિત્રો અને કર્મચારીઓના વ્યવસાયિક અને વ્યક્તિત્વ વિકાસ માટે દર મહીને નિ:શુલ્ક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે જેની વિગતો નીચે મુજબ છે. આપ સૌ આ કાર્યક્રમમાં ભાગ લો તેવી નમ્ર વિનંતી છે.

| S/No. | Subject | Duration | Date* |
|---|---|---|---|
| 1 | Learning Skills: Learn and Develop others effectively | 2 hours | 30/12/2023 |
| 2 | Stress Management: Manage stress, be happy and effective at work | 2 hours | 27/01/2024 |
| 3 | Time Management: Beat Work Overload, be more effective at work, Achieve More | 2 hours | 24/02/2024 |
| 4 | Effective Communication And Skill Development | 2 hours | 30/03/2024 |
| 5 | Good Habits of emailing | 2 hours | 27/04/2024 |
| 6 | Decision Making: How to make better decisions | 2 hours | 25/05/2024 |
| 7 | Problem-Solving: Solving Complex Business Problems | 2 hours | 29/06/2024 |
| 8 | Team Management: The Skill you need to be a Great Boss | 2 hours | 27/07/2024 |
| 9 | Leadership skils: Become an Exceptional Leader | 2 hours | 31/08/2024 |
| 10 | Key Elements of Business growth and sustainability | 2 hours | 28/09/2024 |
| 11 | Strategic Business Planning | 2 hours | 26/10/2024 |
| 12 | Career Skills: Thinking about you and your career | 2 hours | 30/11/2024 |

*** તાલીમ કાર્યક્રમની તારીખો પરિસ્થિતિ અનુસાર બદલી શકાય છે, પુષ્ટિ કરવા માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન સાથે સંપર્કમાં રહો.**

ફેકલ્ટી : **ડો. દિવ્યેશ લાડવા (કન્સલ્ટન્ટ, કોર્પોરેટ ટ્રેનર અને કોચ)**

સ્થળ : **કોમન ફેસીલીટી સેન્ટર, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, ઓઢવ, અમદાવાદ.**

સમય : **બપોરે 03:00 થી સાંજે 05:00 વાગ્યા સુધી...**

નોંધણી : **કંપનીના લેટરપેડ ઉપર કાર્યક્રમમાં ભાગ લેનારનું નામ અને મોબાઈલ નંબર સાથે એસોસીએશન ઓફિસે મોકલાવો** અથવા **એસોસીએશનની વેબસાઈટ www.odhavindustries.org ઉપર લોગ ઈન કરી આપનું રજીસ્ટ્રેશન કરાવશો.**


ફોન નં. : ૨૨૮૯ ૨૩૭૨

# ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન
## સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર

એલ-૨૧૩, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ - ૩૮૨ ૪૧૫.

(PHC - ઈન્ચાર્જ : શ્રી મનુભાઈ પટેલ)

તપાસ તેમજ દવાનો ચાર્જ
નિશુલ્ક (મફત)

સમય
બપોરે : 02:00 થી 05:00 કલાકે

સોમવાર થી શનિવાર
રવિવારે રજા રહેશે.

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...